# HISTORY

**PAPER-III**
**SEPT/13/08**

Name & Signature of the Invigilator

ICR Answer Sheet No. : | | | | | |

Roll No. : | | | | | |

Roll Number in words : ____________________

**Time : 2.30 Minutes]** **No. of Printed Pages : 32** **[Maximum Marks : 150**

**Instructions for the Candidates**

1. Write your Roll Number in the space provided on the top of this page.
2. This paper consists of Seventy five (75) multiple choice type questions. All questions are compulsory.
3. At the commencement of examination, the question booklet will be given to candidate. In the first 5 minutes, candidate is requested to open the booklet and compulsorily examine it as below :
   (*i*) To have access to the question booklet, tear off the paper seal on the edge of this cover page. Do not accept a booklet without sticker-seal and do not accept an open booklet.
   (*ii*) Tally the number of pages and number of questions in the booklet with the information printed on the cover page. Faulty booklets due to pages/questions missing or duplicate or not in serial order or any other discrepancy should be got replaced immediately by a correct booklet from the invigilator within the period of five minutes. Afterwards, neither the question booklet will be replaced nor any extra time will be given.
   (*iii*) After this verification is over, the test booklet number should be entered in the ICR answer sheet and the ICR Answer Sheet number should be entered on this test booklet.
4. Each item has upto four alternative responses marked (A), (B), (C) and (D). The answer should be a capital letter for the selected option. The answer letter should entirely be contained within the corresponding square.

   Correct method **A** Wrong method **A** OR **A**

5. Your responses to the items for this paper are to be indicated on the ICR Answer Sheet under Paper III only.
6. Read instructions given inside carefully.
7. Rough work is to be done in the end of the booklet only.
8. You have to return the original ICR Answer Sheet to the invigilators at the end of the examination compulsorily and must not carry it with you outside the examination hall. You are, however, allowed to carry duplicate copy of ICR sheet and test booklet on conclusion of the examination.
9. Use black ball point pen.
10. Use of any Calculators or log tables or any other electronic devices is prohibited.
11. There shall be no negative marking.
12. In case of any discrepancy in Gujarati and English version of questions the English version should be taken as final.

**પરીક્ષાર્થીઓ માટે સૂચનાઓ :**

1. આ પાનાની ટોચમાં દર્શાવેલી જગ્યામાં તમારો રોલનંબર લખો.
2. આ પ્રશ્નપત્રમાં બહુવૈકલ્પિક ઉત્તરો ધરાવતા કુલ પંચોતેર (૭૫) પ્રશ્નો આપેલા છે. બધા જ પ્રશ્નો ફરજિયાત છે.
3. પરીક્ષાની શરૂઆતમાં ઉમેદવારને પ્રશ્નપુસ્તિકા આપવામાં આવશે. પ્રથમ ૫ મિનિટ દરમ્યાન, ઉમેદવારે પ્રશ્નપુસ્તિકા ખોલી અને ફરજિયાતપણે નીચે મુજબ પરીક્ષણ કરવું.
   (*i*) પ્રશ્નપુસ્તિકાનો વપરાશ કરવા માટે આ કવર પેજની ધાર પર આપેલ સીલ કાઢી નાખો. કોઈપણ સંજોગોમાં સીલ સ્ટીકર વગરની કે ખુલ્લી પ્રશ્નપુસ્તિકા સ્વીકારશો નહીં.
   (*ii*) કવર પૃષ્ઠ પર છપાયેલ નિર્દેશાનુસાર પ્રશ્નપુસ્તિકાના પ્રશ્નો પૃષ્ઠો અને સંખ્યાને બરાબર ચકાસી લો. ખામીયુક્ત પ્રશ્નપુસ્તિકા કે જેમાં પૃષ્ઠો/પ્રશ્નો ઓછા હોય, બે વાર છપાયા હોય, અનુક્રમમાં અથવા કોઈ અન્ય ફરક હોય અર્થાત કોઈપણ કારણે ખામીયુક્ત પ્રશ્નપુસ્તિકા સ્વીકારવી નહીં. એને જો ખામીયુક્ત પ્રશ્નપુસ્તિકા મળી હોય તો નિરીક્ષક પાસેથી તુરંત જ બીજી સારી પ્રશ્નપુસ્તિકા મેળવી લેવી. આ માટે ઉમેદવારને પાંચ મિનિટનો સમયગાળો આપવામાં આવશે. પછીથી, પ્રશ્નપુસ્તિકા બદલવામાં આવશે નહીં કે કોઈ વધારાનો સમય પણ આપવામાં આવશે નહીં.
   (*iii*) આ ચકાસણી સમાપ્ત થાય પછી, ટેસ્ટ પુસ્તિકા નંબર ICR જવાબ પત્રકમાં લખવો અને ICR જવાબ પત્રક નંબર પ્રશ્નપુસ્તિકા પર લખવો.
4. પ્રત્યેક પ્રશ્ન માટે ચાર ઉત્તર વિકલ્પ (A), (B), (C) અને (D) આપવામાં આવેલ છે. પસંદગીનો જવાબ માત્ર અંગ્રેજી કેપીટલ મૂળાક્ષર દ્વારા જ આપવો. પસંદ કરેલ અંગ્રેજી કેપીટલ અક્ષર આપેલ ખાનામાં સંપૂર્ણ રીતે સમાઈ જાય તે રીતે લખવો.

   સાચી રીત : **A** ખોટી રીત : **A** અથવા **A**

5. આ પ્રશ્નપુસ્તિકાના પ્રશ્નોના જવાબ અલગથી આપવામાં આવેલ ICR જવાબ પત્રકમાં પેપર – ૩ લખેલ વિભાગમાં જ લખવા.
6. અંદર આપેલ સૂચનાઓ ધ્યાનપૂર્વક વાંચો.
7. આ પ્રશ્નપુસ્તિકાની અંતે આપેલ પાનું રફ કામ માટે છે.
8. પરીક્ષા સમય પૂરો થઈ ગયા પછી ઓરીજીનલ ICR જવાબ પત્રક જે તે નિરીક્ષકને ફરજીયાત સોંપી દેવું અને કોઈપણ સંજોગોમાં પરીક્ષાખંડની બહાર જઈ શકશે નહીં. પરીક્ષા પૂર્ણ થયા બાદ ઉમેદવાર પ્રશ્નપુસ્તિકા તથા ICR જવાબવહીની ડુપ્લિકેટ કોપી પોતાની સાથે લઈ જઈ શકે છે.
9. માત્ર કાળી પેન/કાળી બોલ પેન વાપરવી.
10. કેલ્ક્યુલેટર અને અન્ય ઈલેક્ટ્રોનિક યંત્રોનો ઉપયોગ કરવાની મનાઈ છે.
11. ખોટા જવાબ માટે નેગેટિવ ગુણાંકન પ્રથા નથી.
12. પ્રશ્નપુસ્તિકાના કોઈ પ્રશ્નમાં અનુવાદ અંગે કોઈ વિવાદ/મતભેદ જણાય તો અંગ્રેજી વર્ઝન યોગ્ય ગણાશે.

SEAL

## HISTORY
## PAPER-III

## ઈતિહાસ
## પેપર–III

*Note* : This paper contains **SEVENTY FIVE (75)** multiple-choice matching questions, each question carrying **TWO (2)** marks. Attempt **All** questions.

નોંધ : આ પ્રશ્નપત્રમાં પંચોતેર (૭૫) બહુવિકલ્પીય પ્રશ્નો, સાચું-ખોટું અને જોડકાં બનાવવાના પ્રશ્નો છે. તમામ પ્રશ્નોના જવાબ લખવાના છે. પ્રત્યેક પ્રશ્નના બે (૨) ગુણ છે.

1. The mother site for Indus Valley Civilisation is :
   (A) Harappa
   (B) Mohenjo Daro
   (C) Kalibangan
   (D) Mehrgarh

1. સિંધુ ખીણની સભ્યતાનું માતૃ-પુરાસ્થળ (સૌથી જૂનું પુરાસ્થળ) કયું છે ?
   (A) હડપ્પા
   (B) મુંએ (મોહેન)-જો-દડો
   (C) કાલીબંગન
   (D) મહેરગઢ

2. The earliest stone tool is :
   (A) Hand axe
   (B) Burin
   (C) Chopper
   (D) Triangle tool

2. સૌથી પ્રાચીન પથ્થરનું ઓજાર કયું ?
   (A) હાથકુહાડી
   (B) ટાંકણું
   (C) છેદક (ચોપર)
   (D) ત્રિકોણાકાર ઓજાર

3. Given below are two statements : one is labelled as Assertion (A) and the other is labelled as Reason (R) :

Identify the correct answer from the codes given below.

**Assertion :**

The first urbanisation took place in the beginning of 1st millennium B.C.

**Reason :**

The rise and growth of iron technology based agriculture was culminated into formation of complex socio-economic structure.

*Codes* :

(A) (A) is correct but (R) is false

(B) (A) is untrue but (R) is true

(C) Both (A) and (R) are false

(D) Both (A) and (R) are correct

3. નીચે આપેલાં બે વાકયોમાં એક અભિકથન (A) છે જયારે બીજું કારણ (R) છે :

નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો જવાબ શોધો.

**વિધાન :**

પ્રથમ નગરીકરણ ઈ.પૂ. પ્રથમ સહસ્રાબ્દિના પ્રારંભકાળે શરૂ થયું.

**કારણ :**

લોખંડના હુન્નર આધારિત કૃષિના ઉદય અને વિકાસનું પરિણામ છેવટે સંકુલ સામાજિક-આર્થિક સંરચનાની રચનામાં પરિણમ્યું.

(A) (A) સાચું પણ (R) ખોટું

(B) (A) ખોટું પણ (R) સાચું

(C) (A) અને (R) બંને ખોટાં

(D) (A) અને (R) બંને સાચાં

4. The places mentioned in the Mahabharata — Hastinapur, Kurukshetra, Mathura — have given evidence of a pottery called :

(A) NBPW — North Black Polished Ware

(B) PGW — Painted Grey Ware

(C) BW — Black Ware

(D) RW — Red Ware

5. Which of the following names is *not* used for Indra in Vedic literature ?

(A) Purandara

(B) Shatkratu

(C) Savitru

(D) Vritrahana

6. According to Greek historians, which of the following tribes organised the most formidable opposition to Alexander ?

(A) Ambastha

(B) Kathaioi (Kshatriya)

(C) Siboi (Sivis)

(D) Malloi (Malavas)

4. હસ્તિનાપુર, કુરુક્ષેત્ર, મથુરા, ઈ. મહાભારતમાં વર્ણવેલાં સ્થળોએથી નીચેનામાંથી કયાં મૃત્પાત્રો મળી આવ્યાં છે ?

(A) ઉત્તરનાં કાળાં ચકચકિત મૃત્પાત્રો (એન.બી.પી.ડબ્લ્યુ.)

(B) ચિત્રિત ધૂસર મૃત્પાત્રો (પી.જી.ડબ્લ્યુ.)

(C) કાળાં મૃત્પાત્રો

(D) લાલ મૃત્પાત્રો

5. વૈદિક સાહિત્યમાં નીચેનામાંથી કયું નામ ઈન્દ્ર માટે પ્રયોજાયું નથી ?

(A) પુરંદર

(B) શતક્રતુ

(C) સવિતૃ

(D) વૃત્રહન

6. ગ્રીક ઈતિહાસકારોના મતે નીચેનામાંથી કઈ પ્રજાએ સિકંદરનો સૌથી વધુ મજબુત રીતે સામનો કર્યો હતો ?

(A) અમ્બષ્ઠ

(B) ક્ષત્રિય

(C) શિવિ

(D) માલવ

7. In Gujarat, lower Palaeolithic tools have been found in the valley of :

(A) Orsang

(B) Vatrak

(C) Mahi

(D) Banas

8. The ceremony of Ratnahavimshi was a part of the :

(A) Aswamedha sacrifice

(B) Rajasuya sacrifice

(C) Vajaseneyi sacrifice

(D) Primordial sacrifice

9. Arrange the following into the correct order in terms of rise and growth of state :

(*i*) *Janapada*

(*ii*) *Mahajanapada*

(*iii*) *Samrajya*

(*iv*) *Jana*

*Codes* :

(A) (*ii*) (*iii*) (*i*) (*iv*)

(B) (*iii*) (*iv*) (*ii*) (*i*)

(C) (*iv*) (*i*) (*ii*) (*iii*)

(D) (*iv*) (*ii*) (*i*) (*iii*)

7. ગુજરાતમાં નિમ્ન પુરાશ્મકાલીન ઓજારો કઈ નદીની ખીણમાંથી મળ્યાં છે ?

(A) ઓરસંગ

(B) વાત્રક

(C) મહી

(D) બનાસ

8. રત્નહવિંશી કયા યજ્ઞનો ભાગ હતો ?

(A) અશ્વમેધ

(B) રાજસૂય

(C) વાજસનેયી

(D) આદિમ યજ્ઞ

9. નીચેનાને રાજ્યના ઉદય અને વિકાસના સંદર્ભમાં સાચા ક્રમે મૂકો :

(*i*) જનપદ

(*ii*) મહાજનપદ

(*iii*) સામ્રાજ્ય

(*iv*) જન

કોડ :

(A) (*ii*) (*iii*) (*i*) (*iv*)

(B) (*iii*) (*iv*) (*ii*) (*i*)

(C) (*iv*) (*i*) (*ii*) (*iii*)

(D) (*iv*) (*ii*) (*i*) (*iii*)

10. The 16 *Mahajanapadas* are listed in :

(A) The *Rigveda*

(B) The *Digha Nikaya*

(C) The *Mahavamsa*

(D) The *Buddhacharitam*

11. Who among the following patronised Jainism ?

(A) Harsha

(B) Kharavela

(C) Kanishka

(D) Rudradaman

12. Prayag 'Prashasti' (Allahabad Pillar Inscription) was composed by :

(A) Kalidasa

(B) Bhavabhuti

(C) Harishena

(D) Magha

10. સોળ મહાજનપદની સૂચિ શામાં જોવા મળે છે ?

(A) ઋગ્વેદ

(B) દીઘનિકાય

(C) મહાવંશ

(D) બુદ્ધચરિત

11. નીચેનામાંથી કયા રાજાએ જૈન ધર્મને પ્રશ્રય આપેલો ?

(A) હર્ષ

(B) ખારવેલ

(C) કનિષ્ક

(D) રુદ્રદામા

12. પ્રયાગ પ્રશસ્તિ અભિલેખ (અલાહાબાદ સ્તંભલેખ) ના કર્તા કોણ હતા ?

(A) કાલિદાસ

(B) ભવભૂતિ

(C) હરિષેણ

(D) માઘ

13. The famous king Karakala of the Sangam Era belongs to which of the following dynasties ?

(A) Chola

(B) Pandya

(C) Pallava

(D) Chera

14. The Sailendra dynasty ruled over the territories of :

(A) Java

(B) Burma (Myanmar)

(C) Cambodia

(D) Siam

15. The oldest inscription deciphered so far was issued by :

(A) Chandragupta Maurya

(B) Ashoka

(C) Samudragupta

(D) Bindusara

13. સંગમ યુગનો પ્રખ્યાત રાજા કરકલ નીચેનામાંથી કયા વંશનો હતો ?

(A) ચોલ

(B) પાંડય

(C) પલ્લવ

(D) ચેર

14. શૈલેન્દ્ર વંશનું શાસન કયા પ્રદેશ ઉપર હતું ?

(A) જાવા

(B) બર્મા (મ્યાંમાર)

(C) કંબોડિયા

(D) સિયામ

15. ઉકેલી શકાયા હોય તેવા સૌથી પ્રાચીન અભિલેખો કોના છે ?

(A) ચંદ્રગુપ્ત મૌર્ય

(B) અશોક

(C) સમુદ્રગુપ્ત

(D) બિંદુસાર

16. Given below are two statements — one is labelled as Assertion (A) and the other is labelled as Reason (R) :

Identify the correct answer from the codes given below.

**Assertion (A) :**

A variety of coins bearing legends in Greek and Brahmi have been discovered from North Western India.

**Reason (R) :**

India carried out extensive trade with the Greek world.

*Codes* :

(A) Both (A) and (R) are true and (R) is the correct explanation of (A)

(B) Both (A) and (R) are true but (R) is not correct explanation of (A)

(C) (A) is true but (R) is false

(D) (A) is false but (R) is true

17. The 'Sankhya' School of Philosophy is associated with :

(A) Purana Kassapa

(B) Ajita Kesh Kambalin

(C) Patkuda Katyana

(D) Ghosal

16. નીચેનાં બે વાક્યોમાં એક અભિકથન (A) છે અને બીજું કારણ (R) છે :

નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો જવાબ શોધો.

**વિધાન (A) :**

વાયવ્ય ભારતમાંથી ગ્રીક અને બ્રાહ્મી લિપિમાં કોરાયેલાં નામવાળા વિભિન્ન સિક્કાઓ મળી આવ્યા છે.

**કારણ (R) :**

ભારતનો ગ્રીક પ્રદેશ સાથે મોટા પાયા ઉપર વેપાર ચાલતો હતો.

કોડ :

(A) (A) અને (R) બંને સાચાં છે અને (R) એ (A) નું સાચું કારણ છે

(B) (A) અને (R) બંને સાચાં છે, પણ (R) એ (A) નું સાચું કારણ નથી

(C) (A) સાચું, પણ (R) ખોટું

(D) (A) ખોટું, પણ (R) સાચું

17. સાંખ્ય ફિલસૂફીનો સંબંધ કોની સાથે છે ?

(A) પુરાણ કસ્સપ

(B) અજિત કેસ કમ્બલી

(C) પત્કુડ કાત્યાયન

(D) ઘોસાલ

18. What does the term 'Vishti' denote ?

(A) Forced labour

(B) Land grant

(C) Agrarian levy

(D) Crown land

19. Reference to maintenance of 'Sattras' in donative inscriptions denote :

(A) Temples

(B) Charitable feeding houses

(C) Village water tanks

(D) Public roads

20. The assembly in Brahmadeya villages was called :

(A) Sabha

(B) Ur

(C) Samiti

(D) Nadu

18. 'વિષ્ટિ' નો શો અર્થ થાય ?

(A) વેઠ

(B) ભૂદાન

(C) મહેસૂલ

(D) રાજયહસ્તકની જમીન

19. દાનપત્રોમાં 'સત્ર' ના નિભાવનો સંદર્ભ આવે છે તેનો અર્થ શો ?

(A) મંદિરો

(B) નિ:શુલ્ક ભોજનાલયો

(C) ગ્રામીણ જળાશયો

(D) જાહેર માર્ગો

20. બ્રહ્મદેય ગામોની સભા શું કહેવાતી હતી ?

(A) 'સભા'

(B) ઉર

(C) સમિતિ

(D) નડુ

21. Given below are two statements — one is labelled as Assertion (A) and the other is labelled as Reason (R) :

Identify the correct answer from the codes given below.

**Assertion (A) :**

Satavahana society shows traces of matrilineal elements.

**Reason (R) :**

Queens and Kings were the real rulers during the Satvahana period.

*Codes* :

(A) Both (A) and (R) are true and (R) is the correct explanation of (A)

(B) Both (A) and (R) are true but (R) is not correct explanation of (A)

(C) (A) is true but (R) is false

(D) (A) is false but (R) is true

21. નીચે બે વાક્યો આપેલાં છે : એક અભિકથન (A) છે અને બીજું કારણ (R) છે.

નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો જવાબ શોધો.

વિધાન (A) :

સાતવાહન સમાજમાં માતૃવંશી તત્વોના સગડ જોવા મળે છે.

કારણ (R) :

રાણીઓ અને રાજાઓ સાતવાહન યુગ દરમ્યાન વાસ્તવિક શાસકો હતાં.

કોડ :

(A) (A) અને (R) બંને સાચાં છે, અને (R) એ (A) નું ખરું સ્પષ્ટીકરણ છે

(B) (A) અને (R) બંને સાચાં છે, પણ (R) એ (A) નું ખરું સ્પષ્ટીકરણ નથી

(C) (A) સાચું, પણ (R) ખોટું

(D) (A) ખોટું, પણ (R) સાચું

22. Given below are two statements — one is labelled as Assertion (A) and the other is labelled as Reason (R) :

Identify the correct answer from the codes given below.

**Assertion (A) :**

The Indo-Roman trade relations declined during the 4th Century A.D.

**Reason (R) :**

Increase in Brahmanical emphasis on the ban on the overseas journey.

*Codes* :

(A) Both (A) and (R) are true and (R) is the correct explanation of (A)

(B) Both (A) and (R) are true but (R) is not correct explanation of (A)

(C) (A) is true but (R) is false

(D) (A) is false but (R) is true

23. The text *Kumarapalacharita* is authored by :

(A) Bilhana

(B) Banabhatta

(C) Hemachandra

(D) Kalhana

22. નીચે બે વાક્યો આપેલાં છે : એક અભિકથન (A) છે, અને બીજું કારણ (R) છે.

નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો જવાબ શોધો.

**વિધાન (A) :**

ભારત અને રોમના વ્યાપારી સંબંધો ઈ.સ. ની ચોથી સદીમાં અવનત થવા લાગ્યા.

**કારણ (R) :**

સમુદ્ર પારની યાત્રા ઉપર બ્રાહ્મણ ધર્મે પ્રતિબંધ વધુ કડક બનાવ્યો.

કોડ :

(A) (A) અને (R) બંને સાચાં છે અને (R) એ (A) નું સાચું કારણ છે.

(B) (A) અને (R) બંને સાચાં છે અને (R) એ (A) નું સાચું કારણ નથી

(C) (A) સાચું, પણ (R) ખોટું

(D) (A) ખોટું, પણ (R) સાચું

23. 'કુમારપાલચરિત' ના કર્તા કોણ ?

(A) બિલ્હણ

(B) બાણભટ્ટ

(C) હેમચંદ્ર

(D) કલ્હણ

24. The Bodhisattva doctrine is associated with :

(A) Mahayana Buddhism

(B) Hinayana Buddhism

(C) Vajrayana Buddhism

(D) Theravada Buddhism

25. Given below are two statements — one is labelled as Assertion (A) and the other is labelled as Reason (R) :

Identify the correct answer from the codes given below.

**Assertion (A) :**

The majority of peasant of the post Gupta period were considered to belong to *Shudra varna*.

**Reason (R) :**

A large scale incorporation of tribes into the caste system started taking place from the Post Gupta period.

*Codes* :

(A) Both (A) and (R) are true and (R) is the correct explanation of (A)

(B) Both (A) and (R) are true but (R) is not correct explanation of (A)

(C) (A) is true but (R) is false

(D) (A) is false but (R) is true

24. 'બોધિસત્વ' નો સિદ્ધાંત બૌદ્ધ ધર્મના નીચેનામાંથી કયા સંપ્રદાય સાથે સંકળાયેલો છે ?

(A) મહાયાન

(B) હીનયાન

(C) વજ્રયાન

(D) થેરવાદ

25. નીચે બે વિધાન આપેલાં છે : એક અભિકથન (A) છે, અને બીજું કારણ (R) છે :

નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો જવાબ શોધો.

**વિધાન (A) :**

અનુગુપ્ત કાલમાં મોટા ભાગના ખેડૂતો શૂદ્ર વર્ણના હોવાનું માનવામાં આવે છે.

**કારણ (R) :**

અનુગુપ્ત કાલમાં મોટા પાયા ઉપર જાતિઓનો જ્ઞાતિઓમાં સમાવેશ થવાનું શરૂ થયું હતું.

કોડ :

(A) (A) અને (R) બંને સાચાં છે અને (R) એ (A) નું સાચું કારણ છે

(B) (A) અને (R) બંને સાચાં છે પણ (R) એ (A) નું સાચું કારણ નથી

(C) (A) સાચું, પણ (R) ખોટું

(D) (A) ખોટું, પણ (R) સાચું

26. By 1206, the Turks had been able to penetrate into India as far as :

(A) Delhi

(B) Agra

(C) Lakhnauti

(D) Puri

27. Some of the most important Jain writings in Sanskrit in the 13th century emerged from :

(A) Gujarat

(B) Rajasthan

(C) Maharashtra

(D) Karnataka

28. Given below are two statements — one is labelled as Assertion (A) and the other is labelled as Reason (R). Identify the *correct* answer from the codes given below :

**Assertion (A) :**

The seriousness of the Mongol threat became apparent in 1240 when Lahore was besieged.

**Reason (R) :**

The former ruler of Ghazni Wafa Malik captured the entire tract comprising the Salt Ranges.

*Codes* :

(A) Both (A) and (R) are true and (R) is the correct explanation of (A)

(B) (A) is true but (R) is false

(C) (A) is false but (R) is true

(D) Both (A) and (R) are individually true but (R) is not the correct explanation of (A)

26. ઈ.સ. ૧૨૦૬ સુધીમાં તુર્કો ભારતમાં ક્યાં સુધી પ્રવેશી શકયા હતા ?

(A) દિલ્હી

(B) આગ્રા

(C) લખનૌતી

(D) પુરી

27. તેરમા સૈકાની કેટલીક સૌથી મહત્વની જૈન કૃતિઓની રચના ક્યાં થઈ હતી ?

(A) ગુજરાત

(B) રાજસ્થાન

(C) મહારાષ્ટ્ર

(D) કર્ણાટક

28. નીચે બે વિધાનો આપેલાં છે : જેમાં એક 'અભિકથન' (A) છે અને બીજું કારણ (R). છે. નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો જવાબ શોધો.

**વિધાન (A) :**

ઈ.સ. ૧૨૪૦ માં જ્યારે લાહોરને ઘેરવામાં આવ્યું ત્યારે મોંગોલ આપત્તિની ગંભીરતા સ્પષ્ટ થઈ.

**કારણ (R) :**

ગઝનીના પૂર્વ શાસક વફા મલિકે લવણક્ષેત્રોને સમાવી લેતા સમગ્ર વિસ્તારને કબ્જે કર્યો હતો.

**વિકલ્પ** :

(A) (A) અને (R) બંને સાચાં છે અને (R) એ (A) નું સાચું કારણ છે

(B) (A) સાચું છે પરંતુ (R) ખોટું છે

(C) (A) ખોટું છે પરંતુ (R) સાચું છે

(D) (A) અને (R) પોતાની રીતે સાચાં છે પરંતુ (R) એ (A) નું સાચું કારણ નથી

29. The Suhrawardi order of the Sufis in India was founded by :

(A) Bahauddin Zakariya

(B) Shaikh Jamaluddin

(C) Bakhtiar Khan

(D) Baba Fariduddin

30. The *Baburnama* was first translated into English by :

(A) A.S. Beveridge

(B) H. Jarrett

(C) H. Yule

(D) J. Sarkar

31. Among the earliest challenges that Humayun had to face was :

(A) The rebellion of his brother Kamran

(B) The rebellion of his brother Hindal

(C) The attacks by Mirza Sulaiman on Badakshan

(D) The attacks by the Afghans led by Sher Khan Sur

29. ભારતમાં સૂફીઓની સુહરાવર્દી શાખાની સ્થાપના કોણે કરી હતી ?

(A) બહાઉદ્દીન ઝકરીયા

(B) શેખ જમાલુદ્દીન

(C) બખ્તિયાર ખાન

(D) બાબા ફરીદુદ્દીન

30. 'બાબુરનામા' નું સૌ પ્રથમ અંગ્રેજી ભાષાંતર કોણે કર્યું હતું ?

(A) એ.એસ.બેવરીજ

(B) એચ. જેરેટ

(C) એચ. યુલ

(D) જે. સરકાર

31. હુમાયૂંને સૌ પ્રથમ કયા પડકારનો સામનો કરવો પડયો હતો ?

(A) તેના ભાઈ કામરાનનો બળવો

(B) તેના ભાઈ હિન્દાલનો બળવો

(C) મિર્ઝા સુલેમાનનો બદખ્શાન પરનો હૂમલો

(D) શેરખાન સૂરીના નેતૃત્વ નીચેના અફઘાનોના હૂમલા

32. One of the first actions of Akbar when he assumed full control over the state was :

(A) Conquest of Malwa

(B) Relieve Adham Khan of his post as *Vakil*

(C) Ask for the resignation of Bairam Khan

(D) Create four specialized ministerial posts

33. The crop rate or *rai* was introduced during the reign of :

(A) Humayun

(B) Akbar

(C) Sher Shah

(D) The regency of Bairam Khan

34. Name the Mughal Emperor who preferred the *diwan-i-ala* over the *wazir* :

(A) Akbar

(B) Shah Jahan

(C) Bahadur Shah I

(D) Muhammad Shah Rangila

32. અકબરે રાજ્ય પર પોતાનું પૂર્ણ વર્ચસ્વ સ્થાપ્યા પછી સૌ પ્રથમ કાર્ય કયું કર્યું હતું ?

(A) માળવા પરનો વિજય

(B) વકીલના હોદ્દા પરથી અદહમ ખાનને દૂર કર્યો

(C) બૈરામખાનના રાજીનામાની માગણી

(D) ચાર વિશિષ્ટ મંત્રીપદોની રચના

33. અનાજના ભાવ (રાઈ) કોના સમયમાં દાખલ કરાયા હતા ?

(A) હુમાયૂં

(B) અકબર

(C) શેરશાહ

(D) બૈરામ ખાનનું રાજય સંરક્ષત્વ (વાલીપણું)

34. કયા મુઘલ સમ્રાટે વઝીર કરતાં દિવાન-ઈ-આલાને વધુ મહત્વ આપ્યું હતું.

(A) અકબર

(B) શાહજહાં

(C) બહાદુરશાહ–૧ લો

(D) મુહમ્મદશાહ રંગીલા

35. The *du-aspa-sih-aspa* rank was introduced during the reign of :

(A) Akbar

(B) Jahangir

(C) Shah Jahan

(D) Aurangzeb

36. Mughal revenue system tended to favour :

(A) Extensive cultivation of food crops

(B) Cash crops that were high in value

(C) Handicrafts such as cloth production

(D) Trade in handicrafts and crops

37. Painting during the reign of Jahangir can be seen as a symbol of :

(A) Development of aesthetic tastes

(B) Political iconography

(C) Patronage

(D) Influence of European styles

35. દુ-અસ્પ-સિહ-અસ્પનો હોદ્દો કોના શાસનમાં દાખલ કરાયો ?

(A) અકબર

(B) જહાંગીર

(C) શાહજહાં

(D) ઔરંગઝેબ

36. મુઘલ મહેસૂલી વ્યવસ્થા શાનો વિશેષ આગ્રહ રાખતી હતી ?

(A) અનાજનું વિપુલ ઉત્પાદન

(B) મોંઘી કિંમતના રોકડિયા પાક

(C) કાપડ ઉત્પાદન જેવો હસ્તોદ્યોગ

(D) હસ્તકલાકૃતિઓ અને કૃષિપાકનો વ્યાપાર

37. જહાંગીરના શાસનકાળ દરમ્યાનની ચિત્રકૃતિઓ શેના પ્રતીકરૂપ ગણી શકાય :

(A) સૌંદર્યશાસ્ત્રના રસનો વિકાસ

(B) સત્તા-પ્રભાવી પ્રતિમાવિદ્યા

(C) રાજ્યાશ્રય

(D) યુરોપીય શૈલીનો પ્રભાવ

38. Jahangir visited Ujjain to :

(A) Meet the ruler of the region

(B) Visit the Vaishnava ascetic Jadrup

(C) Reorganise the administration of the province

(D) Establish a southern capital

39. Who brought the *rabab* and the *sarangi* to India ?

(A) The Mongols

(B) The Mughals

(C) The Turks

(D) The Armenians

40. '*Sama*' meant :

(A) A musical gathering

(B) The weather

(C) The time

(D) A meeting of poets

38. જહાંગીરે ઉજ્જૈનની મુલાકાત શા માટે લીધી હતી ?

(A) તે પ્રદેશના શાસકને મળવા માટે

(B) વૈષ્ણવ સંત જદરૂપની મુલાકાત માટે

(C) તે પ્રાંતની વહીવટી પુનર્વ્યવસ્થા માટે

(D) દક્ષિણમાં રાજધાની સ્થાપવા માટે

39. ભારતમાં રબાબ અને સારંગી કોણે દાખલ કર્યા ?

(A) મોંગોલ

(B) મુઘલ

(C) તુર્કો

(D) આર્મેનિઅન્સ

40. 'સમા' નો અર્થ શું થાય છે ?

(A) સંગીત સંમેલન

(B) ઋતુ

(C) સમય

(D) કવિ સંમેલન

41. The major contested terrain between the Vijayanagar and Bahmani rulers was :

(A) The Kaveri river in Karnataka

(B) The Andhra coast

(C) The Konkan region

(D) The Tungabhadra doab

42. The Persian traveller Abdul Razzak was sent as an ambassador to the court of :

(A) Harihar II

(B) Devaraya I

(C) Krishnadevaraya

(D) Devaraya II

43. Sir Thomas Roe's work is one of the first that gives an indication of :

(A) The wealth of the Mughal empire

(B) 'Orientalist' attitudes

(C) The growing importance of the English East India Company

(D) The importance of Agra as a second capital

41. વિજયનગર અને બહમની શાસકો વચ્ચે સૌથી વધુ વિવાદ કયા પ્રદેશ અંગે થયો હતો ?

(A) કાવેરી નદી અને કર્ણાટક

(B) આંધ્રનો તટીય પ્રદેશ

(C) કોંકણ પ્રદેશ

(D) તુંગભદ્રા દોઆબ

42. ઈરાની મુસાફર અબ્દુલ રઝાકને કોના દરબારમાં એલચી તરીકે મોકલવામાં આવ્યો હતો ?

(A) હરિહર–II

(B) દેવરાય–I

(C) કૃષ્ણદેવરાય

(D) દેવરાય–II

43. સર ટોમસ રોની કૃતિને નીચેનામાંથી કઈ બાબતનો નિર્દેશ, આપતી સૌ પ્રથમ કૃતીઓમાંની એક કૃતિ તરીકે ગણી શકાય ?

(A) મુઘલ સામ્રાજયની સંપતિ

(B) 'પૌર્વાત્યવાદી' વલણ

(C) ઈંગ્લીશ ઈસ્ટ ઈન્ડિયા કંપનીનું વધતું મહત્વ

(D) બીજી રાજધાની તરીકે આગ્રાનું મહત્વ

44. A major opponent of Jahangir was :

(A) Gosain Jadrup

(B) Shaikh Ahmad Sirhindi

(C) Hargobind

(D) Guru Arjun Singh

45. Match the following :

| | | | |
|---|---|---|---|
| (a) | Rashid-ud-din | (i) | *Hadiqat-us Salatin* |
| (b) | Shaikh Sikandar | (ii) | *Baharistan-i-Ghaibi* |
| (c) | Mirza Nathan | (iii) | *Mirat-i-Sikandari* |
| (d) | Mirza Nizamuddin Ahmad | (iv) | *Jami-ut-Tawarikh* |

*Codes* :

| | (a) | (b) | (c) | (d) |
|---|---|---|---|---|
| (A) | (i) | (ii) | (iii) | (iv) |
| (B) | (iii) | (ii) | (iv) | (i) |
| (C) | (iv) | (iii) | (ii) | (i) |
| (D) | (ii) | (iii) | (i) | (iv) |

44. જહાંગીરનો મોટો વિરોધી કોણ હતો ?

(A) ગોસાંઈ જદરૂપ

(B) શેખ અહમદ સરહિંદી

(C) હરગોવિંદ

(D) ગુરુ અર્જુનસિંહ

45. નીચેનાં જોડકાં જોડો :

| | | | |
|---|---|---|---|
| (a) | રશીદ-ઉદ-દીન | (i) | હાદીકાત-ઉસ-સલાતીન |
| (b) | શેખ સિકંદર | (ii) | બહરીસ્તાન-ઈ-ગઈબી |
| (c) | મિર્ઝા નાથન | (iii) | મિરાત-ઈ-સિકંદરી |
| (d) | મિર્ઝા નિઝામઉદીન અહમદ | (iv) | જામી-ઉત-તવારીખ |

જવાબ :

| | (a) | (b) | (c) | (d) |
|---|---|---|---|---|
| (A) | (i) | (ii) | (iii) | (iv) |
| (B) | (iii) | (ii) | (iv) | (i) |
| (C) | (iv) | (iii) | (ii) | (i) |
| (D) | (ii) | (iii) | (i) | (iv) |

46. Early colonial writings on medieval India focused on :

(A) Wars, conquests and administration

(B) Mughal rule in India

(C) Mongol attacks on India

(D) Society in India

46. સાંસ્થાનિક યુગના પ્રારંભકાળે રચાયેલી મધ્યકાલીન ભારત પરની કૃતિઓ શેના પર વધુ ભાર મૂકે છે ?

(A) યુદ્ધો, વિજયો અને વહીવટ

(B) ભારતમાં મુઘલ શાસન

(C) ભારત પરના મોંગોલ આક્રમણો

(D) ભારતીય સમાજ

47. The Portuguese captured Goa from :

(A) The Vijayanagar empire

(B) The Marathas

(C) The Sawants of Phonda

(D) The Sultanate of Bijapur

47. પોર્ટુગીઝોએ ગોવા કોની પાસેથી જીત્યું હતું ?

(A) વિજયનગર સામ્રાજ્ય

(B) મરાઠા

(C) ફોંડાના સાવંતો

(D) બીજાપુરની સલ્તનત

48. The French East India Company made their first attempt to get a base at :

(A) San Thome near Madras

(B) Pondicherri

(C) Mahe

(D) Surat

48. ફ્રેંચ ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ પોતાનો પાયો નાખવા સૌ પ્રથમ પ્રયાસ ક્યાં કર્યો હતો ?

(A) મદ્રાસ પાસે સાન થોમે

(B) પોંડીચેરી

(C) માહે

(D) સુરત

49. Given below are two statements — one is labelled as Assertion (A) and the other is labelled as Reason (R). Identify the correct answer from the codes given below :

**Assertion (A) :**

The revenue system under Shivaji was patterned on the system of Malik Ambar and was designed by Ambaji Datta in 1679.

**Reason (R) :**

The *mirasdars* with hereditary rights in land had to be strictly supervised.

*Codes* :

(A) Both (A) and (R) are true and (R) is the correct explanation of (A)

(B) (A) is true but (R) is false

(C) (A) is false but (R) is true

(D) Both (A) and (R) are individually true but (R) is not the correct explanation of (A)

49. નીચે બે વિધાનો આપેલાં છે. જેમાંના એક 'અભિકથન' (A) છે અને બીજું કારણ (R) છે. નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો જવાબ શોધો :

**વિધાન (A) :**

શિવાજીની મહેસૂલી વ્યવસ્થા મલિક અંબરની વ્યવસ્થા પર આધારિત હતી અને તેની રચના ઈ.સ. ૧૬૭૯ માં અંબાજી દત્તાએ કરી હતી.

**કારણ (R) :**

ભૂમિ પર વંશપરંપરાગત અધિકાર ધરાવતા મિરાસદારો પર સખ્ત નિરીક્ષણની જરૂર હતી.

કોડ :

(A) (A) અને (R) બંને સાચાં છે અને (R) એ (A) નું સાચું કારણ છે

(B) (A) સાચું છે પરંતુ (R) ખોટું છે

(C) (A) ખોટું છે પરંતુ (R) સાચું છે

(D) (A) અને (R) બંને પોતાની રીતે સાચાં છે પરંતુ (R) એ (A) નું સાચું કારણ નથી

50. Which of the following can *not* be considered as the primary source for the History of Gujarat during the 18th century ?

(A) *Mirat-i-Ahmadi*

(B) *Rasmala*

(C) *Tarikh-i-Sorath*

(D) *Oriental Memoirs*

51. The Anglo-French rivalry in India was brought to an end by the treaty of :

(A) Pondicherry

(B) Aix-la-Chapelle

(C) Paris

(D) London

52. Which of the following wars was *not* fought during the time of Warren Hastings ?

(A) First Anglo-Mysore War

(B) Gurkha War

(C) Rohilla War

(D) First Anglo-Maratha War

50. નીચેનામાંથી કોને અઢારમી સદીના ગુજરાતના ઇતિહાસ માટે પ્રાથમિક સાધન તરીકે ગણી શકાય નહિ :

(A) મિરાત-ઈ-અહમદી

(B) રાસમાલા

(C) તારીખ-ઈ-સોરઠ

(D) ઓરીએન્ટલ મેમોઈર્સ (મેમ્વાર)

51. ભારતમાં અંગ્રેજો અને ફ્રેંચોની પ્રતિસ્પર્ધા કઈ સંધિના પરિણામે બંધ પડી ?

(A) પોંડિચેરી

(B) એ-લા-શાપેલ

(C) પારીસ

(D) લંડન

52. વોરન હેસ્ટીંગ્ઝના સમયમાં નીચેનામાંથી કયું યુદ્ધ નહોતું લડાયું ?

(A) પહેલો એંગ્લો-મૈસૂર વિગ્રહ

(B) ગુરખા યુદ્ધ

(C) રોહિલ્લા યુદ્ધ

(D) પહેલું એંગ્લો-મરાઠા યુદ્ધ

53. Which of the following was *not* a guiding factor for the introduction of Zamindari in Bengal by the British ?

(A) To provide manpower for British Administration

(B) To create a class of supporters for their rule at local level

(C) To bring financial stability to Company rule

(D) To increase agricultural production

54. Which of the following Acts abolished the East India Company's monopoly over trade with India ?

(A) Regulating Act of 1773

(B) Pitt's India Act of 1784

(C) Charter Act of 1813

(D) Charter Act of 1833

53. બ્રિટિશરો દ્વારા બંગાળમાં જમીનદારી વ્યવસ્થાનો પ્રારંભ કરવામાં નીચેનામાંથી કયું માર્ગદર્શક પરિબળ નહોતું ?

(A) બ્રિટિશ વહીવટ માટે કર્મચારીઓ પૂરા પાડવા

(B) તેમના સામ્રાજયને ટેકો આપે તેવા ટેકેદારોનો વર્ગ સ્થાનિક સ્તરે ઊભો કરવો

(C) કંપની શાસન માટે નાણાંકીય સ્થિરતા લાવવી

(D) કૃષિ ઉત્પાદનોમાં વૃદ્ધિ કરવી

54. નીચેનામાંથી કયા કાનૂન અન્વયે ભારતમાંથી ઈસ્ટ ઈન્ડિયા કંપનીનો વેપાર ઉપરનો ઈજારો રદ કરવામાં આવ્યો ?

(A) ૧૭૭૩ નો નિયામક ધારો

(B) ૧૭૮૪ નો પિટનો ધારો

(C) ૧૮૧૩ નો સનદી ધારો

(D) ૧૮૩૩ નો સનદી ધારો

55. Who annexed Mysore to British territories on the charge of misgovernment ?

(A) Lord Wellesley

(B) Lord Hastings

(C) Lord Bentinck

(D) Lord Dalhousie

56. In which region was the Mahalwari system introduced by the British ?

(A) Madras

(B) Punjab

(C) Mysore

(D) Gujarat

57. The first three universities in India were founded during the Governor-Generalship of :

(A) Lord Bentinck

(B) Lord Dalhousie

(C) Lord Canning

(D) Lord Ripon

55. ગેરવહીવટના બહાના હેઠળ મૈસૂર રાજ્યને બ્રિટિશ સામ્રાજ્યમાં કોણે ભેળવી દીધું ?

(A) લોર્ડ વેલેસ્લી

(B) લોર્ડ હેસ્ટિંગ્સ

(C) લોર્ડ બેન્ટિંક

(D) લોર્ડ ડેલહાઉસી

56. બ્રિટિશરો દ્વારા ક્યા પ્રદેશમાં મહાલવારી પ્રથા દાખલ કરવામાં આવી હતી ?

(A) મદ્રાસ

(B) પંજાબ

(C) મૈસૂર

(D) ગુજરાત

57. ક્યા ગવર્નર-જનરલના શાસનકાળ દરમ્યાન ભારતમાં પ્રથમ ત્રણ યુનિવર્સિટીઓની સ્થાપના કરવામાં આવી હતી ?

(A) લોર્ડ બેન્ટિન્ક

(B) લોર્ડ ડેલહાઉસી

(C) લોર્ડ કેનિંગ

(D) લોર્ડ રીપન

58. Who founded the Indian Association ?

(A) Dadabhai Naoroji

(B) Surendranath Banerji

(C) Gopal Krishna Gokhale

(D) Vyomeshchandra Bannerjee

59. Who propounded the Drain theory ?

(A) Pherozeshah Mehta

(B) Bhau Daji Lad

(C) Karsondas Mulji

(D) Dadabhai Naoroji

60. Who was associated with the Young Bengal Movement ?

(A) Madame Blavatsky

(B) Henry Vivian Derozio

(C) Devendranath Tagore

(D) Keshub Chandra Sen

58. ઈન્ડિયન એસોશિએશનની સ્થાપના કોણે કરી હતી ?

(A) દાદાભાઈ નવરોજજી

(B) સુરેન્દ્રનાથ બેનરજી

(C) ગોપાલકૃષ્ણ ગોખલે

(D) વ્યોમેશચંદ્ર બેનરજી

59. 'દ્રવ્ય અપહરણ' નો સિદ્ધાંત (ડ્રેઈન થીયરી) કોણે આપ્યો હતો ?

(A) ફિરોઝશાહ મહેતા

(B) ભાઉદાજી લાડ

(C) કરસનદાસ મૂળજી

(D) દાદાભાઈ નવરોજજી

60. યુવા બંગાળ (યંગ બેંગાલ) આંદોલન સાથે કોણ જોડાયેલું હતું ?

(A) માદામ બ્લેવટ્સ્કી

(B) હેન્રી વિવિયન ડેરોઝીઓ

(C) દેવેન્દ્રનાથ ટાગોર

(D) કેશવચંદ્ર સેન

61. Who founded the Arya Mahila Samaj and Sharada Sadan ?

(A) Tarabai Shinde

(B) Kadambini Basu

(C) Annie Besant

(D) Pandita Ramabai Saraswati

62. Select the chronologically correct order of the Satyagraha launched in Gujarat from among the following :

(A) Bardoli, Khakharechi, Kheda, Borsad

(B) Kheda, Borsad, Bardoli, Khakharechi

(C) Borsad, Bardoli, Khakharechi, Kheda

(D) Kheda, Khakharechi, Bardoli, Borsad

63. Who among the following was *not* a member of the Khilafat Commission ?

(A) Ali Brothers

(B) M.A. Jinnah

(C) Hakim Ajmal Khan

(D) Hasrat Mohani

61. 'આર્ય મહિલા સમાજ' અને 'શારદા સદન' ના સ્થાપક કોણ હતા ?

(A) તારાબાઈ શિંદે

(B) કાદંબિની બસુ

(C) એની બેસન્ટ

(D) પંડિતા રમાબાઈ

62. નીચે દર્શાવેલા ગુજરાતના સત્યાગ્રહોનો કાળગળના પ્રમાણે સાચો ક્રમ શોધો :

(A) બારડોલી, ખાખરેચી, ખેડા, બોરસદ

(B) ખેડા, બોરસદ, બારડોલી, ખાખરેચી

(C) બોરસદ, બારડોલી, ખાખરેચી, ખેડા

(D) ખેડા, ખાખરેચી, બારડોલી, બોરસદ

63. ખિલાફત કમિશનના સભ્યોમાં નીચેનામાંથી કોનો સમાવેશ થતો ન હતો ?

(A) અલીભાઈઓ

(B) એમ.એ. ઝિન્ના

(C) હકીમ અજમલખાન

(D) હસરત મોહાની

64. The Meerut Conspiracy Case was a great blow to :

(A) Indian Peasant Movement

(B) Indian Labour Movement

(C) Indian Revolutionary Movement

(D) Indian National Movement

65. Which of the following reforms was *not* introduced in the 19th century ?

(A) Abolition of Sati

(B) Elimination of Caste System

(C) Prohibition of Infanticide

(D) Suppression of thuggee

66. Who assisted Gandhiji in the Champaran Satyagraha ?

(A) Jawaharlal Nehru

(B) Rajendra Prasad

(C) Subhsash Chandra Bose

(D) Vallabhbhai Patel

64. મેરઠ કાવતરા કેસને કારણે સૌથી મોટો ફટકો કોને પડયો ?

(A) ભારતીય કિસાન આંદોલન

(B) ભારતીય મજૂર આંદોલન

(C) ભારતીય ક્રાંતિકારી આંદોલન

(D) ભારતીય રાષ્ટ્રીય આંદોલન

65. નીચેનામાંથી કયો સુધારો ઓગણીસમી સદીમાં દાખલ થયો ન હતો ?

(A) સતીપ્રથાની નાબૂદી

(B) જ્ઞાતિપ્રથાની નાબૂદી

(C) બાળહત્યાની નાબૂદી

(D) ઠગોનો નાશ

66. ચંપારણ સત્યાગ્રહમાં ગાંધીજીના સહાયક કોણ હતા ?

(A) જવાહરલાલ નહેરુ

(B) રાજેન્દ્ર પ્રસાદ

(C) સુભાષચંદ્ર બોઝ

(D) વલ્લભભાઈ પટેલ

67. The first Session of the All India Trade Union Congress in Bombay was presided over by :

(A) Jawaharlal Nehru

(B) M.A. Jinnah

(C) Lala Lajpat Rai

(D) N.M. Joshi

68. Who was the leader of the Unionist Party in Punjab ?

(A) A.K. Fuzlul Huq

(B) Sikandar Hayat Khan

(C) Liaqat Ali Khan

(D) Abdul Bashir

69. Who among the following was *not* a member of the State Reorganization Commission appointed in 1953 ?

(A) Justice Fazl Ali

(B) Sardar K.M. Panikkar

(C) Kakasaheb Kalelkar

(D) Hridayanath Kunzru

67. અખિલ ભારતીય મજૂર સંગઠનના મુંબઈ મુકામે ભરાયેલા પ્રથમ અધિવેશનના પ્રમુખ કોણ હતા ?

(A) જવાહરલાલ નહેરુ

(B) એમ.એ. ઝીન્ના

(C) લાલા લજપતરાય

(D) એન.એમ. જોષી

68. પંજાબમાં 'યુનિયનિસ્ટ પાર્ટી' ના નેતા કોણ હતા ?

(A) એ.કે. ફજલુલ હક

(B) સિકંદર હયાતખાન

(C) લિયાકત અલીખાન

(D) અબ્દુલ બશીર

69. નીચેનામાંથી કોણ 'રાજ્યપુનર્રચના પંચ' ના સભ્ય ન હતા ?

(A) ન્યાયમૂર્તિ ફજલ અલી

(B) સરદાર કે.એમ. પણિક્કર

(C) કાકા સાહેબ કાલેલકર

(D) હૃદયનાથ કુંજરુ

70. The Nehru-Liaqat Pact to resolve the issue of protection of the minorities was signed in :

(A) 1949

(B) 1950

(C) 1951

(D) 1952

71. The title of Hitler's autobiography as translated into English is :

(A) *My Struggle*

(B) *My Experiments with Truth*

(C) *Critique of Pure Reason*

(D) *Sociology of Emotions*

72. Which country was the first to bring the issue of racial discrimination in South Africa to the attention of the United Nations ?

(A) Japan

(B) India

(C) United States of America

(D) France

70. લઘુમતીના રક્ષણનો પ્રશ્ન ઉકેલવા માટે નહેરુ-લિયાકત-અલી કરાર ક્યારે થયા હતા ?

(A) ૧૯૪૯

(B) ૧૯૫૦

(C) ૧૯૫૧

(D) ૧૯૫૨

71. હીટલરની આત્મકથાના અંગ્રેજી અનુવાદનું શીર્ષક શું છે ?

(A) 'માય સ્ટ્રગલ'

(B) 'માય એક્સપરીમેન્ટ્સ વીથ ટ્રુથ'

(C) 'ક્રીટીક ઓફ પ્યોર રીઝન'

(D) 'સોસિઓલોજી ઓફ ઈમોશન્સ'

72. દક્ષિણ આફ્રિકામાં થતા વંશીય ભેદભાવ (રંગભેદ) નો પ્રશ્ન સૌ પ્રથમ કયો દેશ 'સંયુક્તરાષ્ટ્ર' ના ધ્યાન પર લાવ્યો હતો ?

(A) જાપાન

(B) ભારત

(C) અમેરિકાના સંયુક્ત રાજ્યો

(D) ફ્રાન્સ

73. Under what type of sources would monuments be included ?

(A) Archival

(B) Literary

(C) Archaeological

(D) Iconographic

74. Which of the following is a great critic of post modernist historiography ?

(A) Alan Munslow

(B) Keith Jenkins

(C) Arthur Marwick

(D) Michel Foucault

75. According to Arnold Toynbee, what should be the unit of study of history ?

(A) State

(B) Culture

(C) Civilization

(D) Nation

73. 'સ્મારકો' ને નીચેનામાંથી કયા પ્રકારના માહિતી સાધનોમાં સમાવી શકાય ?

(A) દફતરો

(B) સાહિત્યિક

(C) પુરાતત્વીય

(D) મૂર્તિશાસ્ત્રીય

74. અનુ-આધુનિક ઇતિહાસલેખનનો મોટો ટીકાકાર કોણ છે ?

(A) એલન મન્સ્લો

(B) કીથ જેનકીન્સ

(C) આર્થર મારવીક

(D) મિશેલ ફૂકો

75. આર્નોલ્ડ ટોયન્બીના મત મુજબ ઇતિહાસના અભ્યાસનું એકમ શું હોવું જોઈએ ?

(A) રાજ્ય

(B) સંસ્કૃતિ

(C) સભ્યતા

(D) રાષ્ટ્ર

## ROUGH WORK

SEAL